
ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૩૦ એપ્રિલ, ૨૦૨૬



પંચમ દાએ મન્ના ડે માટે ગીત બનાવ્યું પણ કિશોર દાએ... Pg.2



એક્ટર કરતાં પ્રોડ્યુસરનું કામ મુશ્કેલ છેઃ રાજકુમાર રાવ Pg.4







## રાજાના સિંહાસન માટે ભીડ ભારી પણ...

# રાણીનો તખ્ત ખાલી!




### નાની વયે સુપર સ્ટારડમ પામી શકતે એવા અનુષ્કા, આલિયા, કિયારા લગ્ન અને માતૃત્વ પસંદ કર્યા તો જાણે બોલિવુડમાં ફિમેલ સુપરસ્ટારની અછત થઇ ગઇ

દરેક દાયકાના સુપર સ્ટાર્સ હોય છે, જેમકે,બોલીવુડ માં પહેલા રાજ કપુર , દિલીપ કુમાર અને સુનીલ દત્ત હતા અને ત્યાર પછી રાજેશ ખન્ના , ધર્મેન્દ્ર અને શમ્મી કપૂર નો જમાનો આવ્યો. ૮૦ ના દાયકામાં અનિલ કપૂર અને જેકી શ્રોફ હતા તો ત્યાર પછી ખાન ત્રિપુટી એટલેકે આમીર ખાન, સલમાન ખાન અને શાહરૂખ ખાન આવ્યા. અને હવે તેમની જગ્યાએ રણવીર સિંહ, રણબીર કપૂર અને વિક્કી કૌશલ છે. આમ, મેલ એક્ટર્સ માં સુપર સ્ટાર ની જગ્યા કોઈ ને કોઈ નવી જનરેશનમાંથી આવીને લઇ જ લે છે. પરંતુ,આ બાબત ફીમેલ એક્ટર્સ માં આ વખતે થઇ નથી. શરૂઆત કરીએ મધુબાલા, નરગીસ, વૈજ્યન્તીમાલા , નૂતન , અને મીના કુમારી થી અને ત્યાર પછી આવ્યો દાયકો હેમા માલિની, શર્મિલા ટાગોર , રેખા, ઝીનત અમાન અને પરવીન બાબી નો. ૮૦ અને ૯૦ ના દાયકામાં શ્રીદેવી, માધુરી દીક્ષિત, કરિશ્મા કપૂર , કાજોલ અને જુહી ચાવલાની ટોપ એક્ટ્રેસ માં ગણના થતી હતી અને ત્યાર પછી રાની મુખર્જી , ઐશ્વર્યા રાય અને પ્રીટિ ઝીન્ટા એ બોલીવુડ પર રાજ કર્યું. ત્યાર બાદ કરીના કપૂર, કેટરીના કેફ, દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટ આવ્યા પરંતુ, તેમનો દાયકો પૂરો થયા પછી હજી સુધી પ્રોમિસિંગ કોઈ નવી એક્ટ્રેસ આવી નથીકે જેમની ગણના સુપર સ્ટાર્સ માં કરી શકાય. થોડા વર્ષો પહેલાની વાત કરીએ તો કેટરીના કેફ, દીપિકા પાદુકોણ , કરીના કપુર ,પ્રિયંકા ચોપરા અને આલિયા ભટ્ટ ટોચની એક્ટ્રેસ તરીકે બોલીવુડના આકાશમાં છવાયેલી હતી. પરંતુ ત્યાર બાદ, એકપછી એક દરેકે લગ્ન કરી લીધા અને માતૃત્વમાં પ્રવેશ પણ કરી લીધો . કરીના કપૂરે સેફ અલી ખાન સાથે લગ્ન કર્યા અને આજે તે આજે તે બે બાળકોની માતા તરીકે ની જવાબદારી નિભાવી રહી છે. તેની છેલ્લી ફિલ્મ લાલ સિંઘ ચઢ્ઢા જે ૨૦૨૨ માં આવી હતી અને ક્રૂ ૨૦૨૪ માં આવી હતી . દીપિકા પાદુકોણ ની વાત કરીએ તો તેની છેલ્લી ફિલ્મ કલ્કી ૨૮૯૮ અને ફાઈટર ૨૦૨૪ માં રીલીઝ થઇ હતી ત્યાર પછી તેની કોઈ પણ ફિલ્મ આવી નથી. હાલમાં, રણવીર સિંઘ સાથે લગ્ન કર્યા બાદ તેને એક દીકરી છે અને બીજા આવનાર બાળકના સ્વાગતની તૈયારી કરી રહી છે. જોકે, આ વર્ષના અંત સુધીમાં તેની શાહરૂખ ખાન સાથે ની ફિલ્મ કિંગ અને અલ્લુ અર્જુન સાથેની એક્શન ફિલ્મ રાકા ૨૦૨૭ માં રીલીઝ થવાની છે. કેટરીના કેફની ટાઈગર- ૩ ફિલ્મ ૨૦૨૩ માં આવી હતી અને મેરી ક્રિસમસ ૨૦૨૪ માં આવી હતી જે વિજય સેતુપતિ સાથે હતી. પોતાની સફળ કારકિર્દી છોડીને કેટરીનાએ વિક્કી કૌશલ સાથે અચાનક લગ્ન કરીને તેના ચાહકોને મોટો ઝટકો આપી દીધો. આજે તે એક પુત્ર ની માતા તરીકે જવાબદારી નિભાવવામા વ્યસ્ત છે અને લાઈમલાઈટ થી ઘણી દૂર છે. આલિયા ભટ્ટે પણ રણબીર કપૂર સાથે લગ્ન કર્યા બાદ અને પુત્રીના જન્મ પછી ફિલ્મ્સ કરવાનું ઓછું કરી દીધું છે. તેની પણ છેલ્લી ફિલ્મ રોકી ઓર રાની કી પ્રેમ કહાની ૨૦૨૩મા અને જીગરા ૨૦૨૪ માં આવી હતી. જોકે, આ વર્ષના અંત સુધી માં તેની ફિલ્મ આલ્ફા આવશે અને ૨૦૨૭મા લવ એન્ડ વોર આવવાની છે.

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા એ પણ લગ્ન બાદ બોલિવૂડમાં કામ ઘણું ઓછું કરી દીધું છે. તેની મોટાભાગની ફિલ્મ્સ હોલિવૂડની હોય છે. આ એક્ટ્રેસ સિવાય પણ ઘણી એક્ટ્રેસ હતી જેવી કે સોનમ કપૂર,અનુષ્કા શર્મા, કીયારા અડવાની, વિદ્યા બાલન, રાની મુખર્જી, પ્રીટિ ઝીંટા વગેરે કે જેઓ બોલિવૂડમાં ઉભરતા સિતારા તરીકે આવ્યા અને લગ્ન બાદ ક્યાંક ખોવાય ગયા અથવા તેમની ઘણી ઓછી ફિલ્મો આવે છે. અનુષ્કા શર્મા એ લગ્ન કરતી વખતે સ્પષ્ટતા કરી હતી કે તે લગ્ન બાદ ફિલ્મમાં કામ કરશે નહિ. આજની એક્ટ્રેસ માં જોઈએ તો અનન્યા પાંડે, સારા અલી ખાન, ક્રીતિ સેનન, સનાયા મલ્હોત્રા , યામિ ગૌતમ, જહાનવી કપૂર, દિશા પટની, મૃણાલ ઠાકુર અને શ્રદ્ધા કપૂરનો સમાવેશ થઇ શકે પરંતુ, હાલમાં તેમણે બોલિવૂડમાં હજી એવું સ્થાન નથી મેળવ્યુ કે જે અગાઉની હિરોઈનોએ મેળવ્યું હતું. મધુબાલા હોય કે માધુરી, શર્મિલા ટાગોર હોય કે શ્રીદેવી હોય અગાઉ બધી એક્ટ્રેસ લગ્નને પ્રાધાન્ય આપતી ન હતી. તેઓ પહેલા કારકિર્દી બનાવતા અને પછી એક મુકામ મેળવ્યા બાદ લગ્ન કરતા. એટલે તે સમયની એક્ટ્રેસને કારકિર્દી માટે પુરતો સમય રહેતો. તેઓ સુપર સ્ટારના સ્થાન સુધી પહોચીને ઘણા સમય સુધી ત્યાં બિરાજમાન રહી શકતી હતી. પરંતુ, આજે કોઈ પણ એક્ટ્રેસ કારકિર્દી માં લગ્નને બધા રૂપ માનતી નથી. થોડીઘણી સફળતા જો મળી જાય અને જો યોગ્ય પાર્ટનર પણ મળી જાય તો તેઓ સફળ કારકિર્દી છોડીને લગ્ન કરી લે છે. હા, લગ્ન પછી ફિલ્મોમાં કમબેક કરે છે, પરંતુ તેમ કરતા ઘણો સમય નીકળી જાય છે. જેમ, કાજોલ, માધુરી અને રાની મુખર્જીએ લગ્ન પછી ફરી કામ શરુ કર્યું પરંતુ તેમ કરવામાં ઘણો મોટો બ્રેક લીધો હતો. એક બાજુ, એક્ટર્સ ૫૦-૬૦ વર્ષના થાય ત્યાં સુધી ફિલ્મોમાં કામ કરતા હોય છે જ્યારે આજે નવી એક્ટ્રેસ થોડા વર્ષો સુધી જ કામ કરે છે અને સફળતા મેળવીને તરત લગ્ન પણ કરી લે છે. આ સિવાય, બીજું એક કારણ એ પણ હોય શકે કે અત્યારે બોલિવૂડમાં પુરુષ પ્રધાન ફિલ્મો વધુ ચાલી રહી છે જેમકે, ધુરંધર. તેમાં એક્ટ્રેસ ના ભાગે એટલું કામ હોતું નથી. અને જે એક્ટ્રેસ એ કારકિર્દીની સફળ શરુઆત કરી દીધી છે તેઓ આ પ્રકારના નાના રોલ કરવા તૈયાર થતા નથી. અને એટલેજ ૪૦-૫૦ વર્ષના એક્ટર ની સામે નાની ઉમરની નવી નવી એક્ટ્રેસ ને લેવામાં આવે છે. આમ, સુપર સ્ટારનો મેલ એક્ટર્સ નો તખ્ત જળવાય રહે છે પરંતુ, ફીમેલ એક્ટર્સ માં ટુકી કારકિર્દીને કારણે હજી સુધી કોઈ ત્યાં સુધી પહોંચ્યું નથી. જે પ્રોમિસિંગ લગતા હતા તેઓ હાલમાં લગ્ન પછીના બ્રેક પર ઉતરી ગયા છે અને ત્યાર બાદ આવનારી નવી જનરેશનમાં હજી સુધી કોઈ પ્રોમિસિંગ રહ્યું નથી. આમ, ફીમેલ સુપરસ્ટારનો તખ્ત ખાલી જ છે. હવે જોઈએ, કે નવી એક્ટ્રેસ માંથી કોણ આ તખ્ત પર બિરાજમાન થાય છે? •



## પ્રિયંકાએ ઇન્સ્ટા પોસ્ટ દ્વારા લોકોનું ધ્યાન ખેચ્યું?

બોલિવ્લોગ વિથ પૉપ



પ્રિયંકા ચોપરાએ આ વખતે ઈન્સ્ટાગ્રામ પર તેની ભારત મુલાકાતના કેટલાક ફોટા શેર કરીને તેના અંગત જીવનમાં ડોકિયું કરવાની આપણને તક આપી છે. ગ્લોબલ આઈકોન પ્રિયંકા એ કેટલાક એવા ફોટા શેર કર્યા છે જેમાં ફેમીલી ટાઈમ છે, આધ્યાત્મિકતા છે, કેટલીક જૂની યાદો છે અને તેના કામના અપડેટ્સ છે. તેણે જે ફોટા શેર કર્યા છે તેનાથી તે ભારતમાં ઉનાળો કેવી રીતે પસાર કરે છે તે આપણને જાણવા મળે છે. કેટલાક અહી...કેટલાક ત્યાં એવા કેપ્શન સાથે તેણે પોસ્ટ શેર કરી અને ચાહકોએ તેના પર પ્રેમનો વરસાદ કરી દીધો. પોસ્ટમાં મુખ્યત્વે પરિવાર અને ગાઢ મિત્રતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કેટલાક ફોટામાં તે પ્રિયજનો એટલેકે તમન્ના દત્ત અને અન્ય મિત્રો સાથે પુલ કિનારે આરામથી શાંતિની પળો વિતાવતી દેખાય છે. તે દર્શાવે છે કે પ્રિયંકા માટે વ્યસ્ત વ્યવસાયિક શીડ્યુલ હોવા છતાં પરિવાર સાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરવો કેટલો મહત્વપૂર્ણ છે. પ્રિયંકાએ તેની માતા સાથે મંદિર દર્શન માટે ગઈ હતી તે ક્ષણો પણ શેર કરી છે જેમાં તેણે પરંપરાગત કપડા પહેર્યા છે અને તે મંદિરમાં હાથ જોડતી દેખાય છે. બીજા એક ફોટામાં તે મંદિરની અંદર આધ્યાત્મિક પળ વિતાવે છે તેની છે. તેની ગ્લેમરસ અને ઝડપી દુનિયાની સામે તેની આ શાંતિની પળો વિરોધાભાસ રજૂ કરે છે અને દર્શાવે છે કે તે આધ્યાત્મ સાથે પણ કેટલી જોડાયેલી છે. પ્રિયંકાની આ પોસ્ટથી તે તેના મૂળ વતન સાથે ફરી જોડાઈ રહી છે એટલે તેના ચાહકો એ તેની પ્રશંસા કરી હતી. આનાથી, સાદા ભોજન અને નિર્મળ આનંદને પણ મહત્વ મળ્યું. અમૃતસરના પ્રખ્યાત ભરવાણ દા ધાબાના ભોજનની સાથે તાજી કેરી, ફૂલો અને કોફીની ઝલક દર્શાવતી આ પોસ્ટમાં ભારતની માટીની સુગંધ મળે છે જે લોકોનું ધ્યાન ખેંચે છે. •


## કલ્કીને ઊંઘની દવા લેવાનો ડર



સોહા અલી ખાનના પોડકાસ્ટ ઓલ અબાઉટ હરમાં રિસ્ન્ટલી કલ્કી કોચલીને તેની ઉંઘની તકલીફ અને માનસિક સ્વાસ્થ્ય વિષે ઘણી વાતો કરી. આ પોડકાસ્ટ આરોગ્ય, સંબંધો અને આધુનિક જીવન વિષે વિચારશીલ અને પ્રમાણિક સ્પેસ પૂરી પડે છે. રોજીંદા જીવનમાં સુખાકારી આપતી આ બાબત મહત્વની હોવા છતાં તેની અવગણના થાય છે. ચર્ચામાં કલ્કી કોચલીન અને નિષ્ણાત ડૉ વીની કાંત્રૂ જોડાયા હતા જેમણે સાથે મળીને ઊંઘના ચક્ર, સામાન્ય જીવન શૈલી ની આદતો અને ચેતવણીના સંકેતો વિષે વાત કરી જેની મોટાભાગના લોકો અવગણના કરે છે. વાતચીત દરમિયાન સોહા કલ્કીને અનિન્દ્રા અને ડિસ્ટર્બ રહેતી ઊંઘની પેટર્ન સાથેના તેના અનુભવો વિષે પૂછ્યું. કલ્કીએ સ્પષ્ટ જવાબ આપ્યો કે, હવે જો હું અમેરિકાની મુસાફરી કરીને પાછી આવું અને મારે ઝડપથી એડજસ્ટ થવાની જરૂર હોય તો હું ઊંઘની ગોળીઓ લઉં છું. હું તે ૩ કે ૪ દિવસ માટે લઉં છું પરંતુ મને ડર લાગે છે કે મેં તેની આદત ન પડી જાય. તેનો નિયમિત ઉપયોગ કરવામાં જોખમ લાગે છે કારણ કે તે મારી કુદરતી ઊંઘની સાયકલને ડિસ્ટર્બ કરે છે.

સોહાએ વાતચીતને સરળ અને સહાનુભુતિપૂર્વક રીતે આગળ ચલાવી હતી અને ઊંઘ વિશેની સામાન્ય માન્યતાઓ વિષે જણાવ્યું હતું. તેમણે એકંદરે ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય માટે આરામ કેટલો જરૂરી છે તે પણ સમજાવ્યું હતું. આ ઉપરાંત, બેડ ટાઈમ રૂટીન, ભાવનાત્મક સંતુલન, શારીરિક રીકવરી અને લાંબાગાળાની સુખાકારી માટે ઊંઘ કેટલો મહત્વનો ભાગ ભજવે છે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. અનિન્દ્રા, મુસાફરીનો થાક કે પછી અનિયમિત સમયપત્રક ધરવતા લોકો માટે આ વાતચીત મહત્વપૂર્ણ માહિતી આપે છે. •

## સલમાનનો જીજા કેવી રીતે બન્યો આયુષ શર્મા?



આયુષ શર્મા અને અર્પિતા ખાન શર્માના લગ્ન ભલે ૨૦૧૪માં થયા હોય પરંતુ, તેની લગ્ન સુધીની સફર ઘણી રોમાંચક રહી છે. ખાસ કરીને આયુષના પરિવારને ઘણું આશ્ચર્ય થયું હતું. એક બાજુ અર્પિતાના ભાઈ સલમાન ખાને તેમના સંબંધને સમર્થન આપ્યું હતું તો બીજી બાજુ, આયુષના માતા પિતાને તેમના મનમાં આ સંબંધને લઈને અનિશ્ચિતતાઓ હતી.

સલમાને તેમના સંબંધો વિષે જાણ થતા, તેણે આયુષને વાતચીત માટે બોલાવ્યો અને તેઓ ભવિષ્યમાં શું કરવા માંગે છે તે પૂછ્યું. જ્યારે અર્પિતાએ કહ્યું કે તેઓ એક વર્ષની અંદર લગ્ન કરવાનું વિચારી રહ્યા છે ત્યારે પરિસ્થિતિ બદલાઈ ગઈ અને બીજી બાજુ આયુષે હજી પોતાના ઘરમાં વાત પણ કરી ન હતી. જ્યારે હું સલમાનભાઈને મળીને બહાર નીકળ્યો ત્યારે નક્કી થઇ ગયું હતું કે મારા એક વર્ષની અંદર લગ્ન થવાના છે. જિંદગીએ કેવો વણાંક લીધો તેનો મને ખ્યાલ આવ્યો નહીં. તેઓ અર્પિતાના ઘરે જઈને કહેવા માંગતા હતા કે હું કોઈ કામ કરતો નથી. કારણકે તેમને એવું લાગતું હતું કે મેં અર્પિતાના પરિવારમાં જુઠાણું ચલાવ્યું હશે અને ખોટા વાયદા કર્યા હશે. વળી, બંને પરિવારો વચ્ચે થયેલી મુલાકાત વખતે પણ તેના પિતાએ ચોખ્ખું કહ્યું હતું કે, તમે મોટા દિલના છો. જે છોકરો હજી કશું કમાતો પણ નથી તેની સાથે હું મારી દીકરીના લગ્ન ન કરાવું. એમ કહીને મારા પિતાએ તેમને શરમાયા વગર અણસાર પણ આપ્યો હતો. આ બધું હોવા છતાં સલમાને તેના પર વિશ્વાસ બતાવ્યો. સલમાને કહ્યું કે હું આ બધાથી વાકેફ છું. મને લાગે છે કે તેનામાં ક્ષમતા છે, હું તેને તાલીમ આપીશ.

જેને ખાન પરિવારે બાળપણમાં જ દત્તક લીધી હતી તે અર્પિતા સલમાન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તેના આયુષ સાથે ૧૮ નવેમ્બર, ૨૦૧૪ ના રોજ લગ્ન થયા હતા અને તેને આહીલ અને આયત નામના બાળકો છે. •